વ્યાવસાયિક ચિકિત્સકોની ભૂમિકા - આરોગ્ય .કૉમ - ગુજરાતી
Last Updated Tuesday, 17 January 2012 10:02

વ્યવસાય એ ઉદ્દેશ્યપૂર્ણ જીવન જીવવાનો સ્વાભાવિક ગુણધર્મ છે. વ્યાવસાયિક ચિકિત્સકો આવા વ્યવસાય ઉપર પ્રકાશ પાડતા હોય છે જે લોકોના પરિપૂર્ણ અને સ્વાવલંબી બનાવે છે. રોજીંદા જીવનમાં વ્યવસાયનું કાર્ય અથવા શિક્ષણ, પોતાની કાળજી લેવી, રમત અને આરામ આ બધા પર પરિણામનો સમાવેશ થાય છે. રોજીંદા કાર્યમાં વ્યક્તિની કાર્યક્ષમતાને વધારવાનો આ વ્યવસાયનો ઉદ્દેશ્ય છે.

સંપૂર્ણ જીવનમાં વ્યવસાયનુ સંતુલન જાળવી રાખવા માટે વ્યાવસાયિક ચિકિત્સકો લોકો સાથે કામ કરતાં હોય છે. "સંપૂર્ણ વ્યક્તિ" પર ઉપચાર કરી અને શારીરિક, માનસિક, સામાજીક અને સાંસ્કૃતિક વિષય, તેની મદદથી વ્યાવસાયિક યોગ્યતાને વિકસિત કરી તેની વૃદ્ધિ વધારે કરવી આપે છે. આ ઉપચાર અર્થપૂર્ણ એવા કાર્ય પર આધારિત હોય છે અને તેમાં જે વ્યક્તિ પર ઉપચાર કરવામાં આવે છે તેની સંપૂર્ણ શારીરિક અને માનસિક રીતે હાજર હોવું જરૂરી હોય છે.

સ્વાસ્થ્યની પ્રાપ્તિ માટે અને કાર્યક્ષમતાને વધારવા માટે કામ કરવું આવશ્યક અને મહત્વનું છે. તેની મહત્તા ખુબ પહેલાથી છે અને આનો ઉપયોગ મુખ્યત્વે માનસિક દુર્બળતાના ઉપચાર માટે કરવામાં આવે છે. પહેલો મહાયુદ્ધ(૧૯૧૪-૧૯૧૮) પૂર્ણ થયા પછી તેમાં ઇજાગ્રસ્ત અને અપંગ સૈનિકોના પુનર્વસન કરવાના સમયે વ્યાવસાયિક ઉપચાર પદ્ધતિનું ૧૯૧૭માં ઔપચારિક વ્યવસાય તરીકે માન્યતા પ્રાપ્ત થઈ. વ્યાવસાયિક ઉપચાર તજ્જ્ઞો વ્યાવસાયિક ઉપચારની પદવી ધરાવતાં અથવા સ્નાતકની પદવી મેળવેલા હોય છે. જીવશાસ્ત્ર, મનસશાસ્ત્ર અને રીઅ... વ્યાવહારિક, વ્યાવસાયિક ઉપચાર પદ્ધતિની આ પ્રશિક્ષણ કાર્યક્રમમાં સમાવેશ કરેલો હોય છે. તેજ રોગના સંબંધિત પ્રશિક્ષણ વ્યાવસાયિક અનુભવ પણ આપવામાં આવે છે. પ્રશિક્ષણ લીધા પછી વ્યાવસાયિક ચિકિત્સકો National Board for Certification of Occupational Therapists દ્વારા લેવામાં આવતી પરીક્ષા પાસ કરવી પડે છે ત્યારે તે માન્યતાપ્રાપ્ત/અધિકૃત વ્યાવસાયિક ચિકિત્સક બની શકે છે.

સમાજના બધા સ્તરના દુર્બળ લોકોને ઉત્કર્ષ કરવા માટે પ્રયત્ન કરવામાં આવે છે, તેમાટે આ વ્યવસાયનો વિસ્તાર કરવામાં આવી રહ્યો છે. વ્યાવસાયિક ચિકિત્સકના કાર્યને દુર્બળ લોકો સુધી પહોંચે, તેમના કાર્યની જગ્યાએ જલ્દી મળી રહે અને આપઘાત થાય નહી એવી જગ્યાએ હોવા જોઈએ તેમાટે જનતાની અને ખાનગી સંસ્થાની મદદ લેતાં હોય છે.

વ્યાવસાયિક ઉપચાર - પદ્ધતીનો ઉપયોગ ક્યાં કરવામાં આવે છે .

વ્યાવસાયિક ઉપચાર - પદ્ધતીનો ઉપયોગ અનેક વ્યવસ્થાપનમાં કરવામાં આવે છે .

- ઇસ્પિતાલ - અંતર્દર્દી અને બાહ્યદર્દી - બંને
- પુનર્વસન કેંદ્રો
- પ્રસૂતિગૃહ
- સ્કુલ
- વિવિધ સામાજિક આરોગ્ય કેંદ્રો
- અતિદુર્બળતા ધરાવતા લોકોને ઘેરે ઉપચાર આપવામાં આવે છે.

1 / 1